# Vinod B. Vaghela

B.Com., LL.B.

## ADVOCATE & NOTARY

**Office :- A/7, Pranami Shoping, Near Pran nath Hospital,**
**Ved road, Surat-395004**
**Mob : 93276 06661**


તારીખ :- ૦૭/૦૧/૨૦૨૦

પ્રતિ,

આથી લાગતા વળગતા સર્વો

NOTARY
B. VAGHELA
SURAT CITY
Reg. No. 6399
GOVT. OF INDIA

**વિષય:- ટાઇટલ કલીયરન્સ રીપોર્ટ**

જત હમો એડવોકેટ વીનોદ બી. વાઘેલા તે "સન્ડે રેસીડન્સી" એક ભાગીદારી પેઢીના ભાગીદાર અજયભાઇ વલ્લભભાઇ રીબડીયા સુરતનાની વિનંતીથી નીચે વર્ણવેલ વિગત વાળી મીલકતનો ટાઇટલ કલીયરન્સ રીપોર્ટ આપીએ છીએ.

## :: મીલકતની વિગત ::

ડીસ્ટ્રીકટ સુરત સબ-ડીસ્ટ્રીકટ સુરત સીટી(અડાજણ)ના **મોજે કોસાડ બ્લોક નં.૮૧૨** કે જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦-૬૪-૫૯ ચો.મી. છે. તેમજ **બ્લોક નં. ૭૫૫/પૈકી ૧** કે જેનુ ક્ષેત્રફળ હે.આરે. ૦-૬૫-૭૭ ચો.મી. છે જેનો ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૬૬(કોસાડ-વરીયાવ) માં સમાવેશ થતાં **ફાયનલ પ્લોટ નં.૨૬૯** તથા **ફાયનલ પ્લોટ નં.૨૧૪** તે બંને ફાઇનલ પ્લોટ વાળી કુલ્લે ૯૧૨૫ ચો.મી. ક્ષેત્રફળ વાળી બીનખેતીની આખી જમીનમાં આયોજીત **"સન્ડે રેસીડન્સી"** પૈકી સબ પ્લોટ નં. ૨ માં આવેલ બીલ્ડીગો પૈકી બીલ્ડીગ નં. (એન) અને (ઓ) તેમજ સદરહુ ઇમારતનાં બાંધકામ સહીતની મીલકત અને તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહીત કુલ્લે દરોબસ્ત મીલકત.

**સદરહું જમીનની ટાઇટલની વિગત:-**

(૧)..... ડીસ્ટ્રીકટ સુરત સબ-ડીસ્ટ્રીકટ તાલુકો સુરત સીટી(અડાજણ) ના મોજે કોસાડ ના રે.સર્વે નં. ૪૬૮-૨, બ્લોક નં. ૮૧૨, વાળી જમીન બેચરભાઇ નાથાભાઇ એ રૂા.૩૮૯૬/- અંકે રૂપીયા ત્રણ હજાર આઠસો છન્નુ પુરાથી બાર હપ્તે ભરપાઇ કરવાની શરતે વેચાણ રાખેલ. અને જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૨૫૮૬, તા.૧૪/૭/૭૦ ના રોજ પાડવામા આવેલ. અને સદરહુ નોંધ તા.૨૮/૩/૧૯૭૧ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ બેચરભાઇ નાથાભાઇએ સદરહુ જમીન અંગે નક્કી કરવામાં આવેલ હપ્તાની રકમ રૂા.૩૮૯૬/- અંકે રૂપીયા ત્રણ હજાર આઠસો છન્નુ પુરા ભરપાઇ કરી દેવાથી સદરહુ જમીન અંગેનુ ખરીદીનુ પ્રમાણપત્ર નંબર : ૮૨૧/૬૩, તારીખ: ૧૬/૮/૧૯૭૩ ના રોજ આપવામાં આવેલ. જેના આધારે સદરહુ જમીનના માલીક તથા કબજેદાર તરીકે બેચરભાઇ નાથાભાઇનુ નામ દાખલ કરવામાં આવેલ. અને સદરહુ જમીન ગણોતધારા કલમ ૪૩ મુજબ નવી શરતની બીન

દુમાલા અવિભાજ્ય સતા પ્રકાર ની છે. જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નંબર : ૨૮૭૭, તા.૫/૯/૧૯૭૩ ના રોજ પાડવામાં આવેલી. જે નોંધ નાયબ મામલતદાર ચોર્યાસીએ તા.૪/૩/૧૯૭૪ ના રોજ પ્રમાણીત કરેલ હતી.

આમ, ત્યારબાદ સદરહુ જમીનના માલીક મુખત્યાર તથા કબજેદાર તરીકે બેચરભાઇ નાથાભાઇ પટેલ ચાલી આવેલ. અને ત્યારબાદ બેચરભાઇ નાથાભાઇ પટેલનુ તા.૯/૮/૧૯૮૭ ના રોજ અવસાન થયેલ અને બેચરભાઇ નાથાભાઇ પટેલએ તેમની હયાતીમાં તા.૨/૧૨/૧૯૮૬ ના રોજ વીલ ના આધારે સદરહુ બ્લોક નંબર ૮૧૨ વાળી જમીન સોમાભાઇ બેચરભાઇ પટેલના હીસ્સે આવેલ. અને જે અંગેની નોંધ અરજદારની અરજી, વીલ, વારસદારોએ આપેલ સંમતિ દર્શક જવાબ, પક્ષકારોના જવાબ તથા પંચકયાસના આધારે સોમાભાઇ બેચરભાઇ પટેલનુ નામ દાખલ થયેલ. જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ મા નોંધ નં. ૪૭૮૧, તા. ૯/૧૨/૮૭ ના રોજ પાડવામા આવેલ અને સદરહુ નોંધ તા.૩/૨/૧૯૮૮ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

આમ, ત્યારબાદ સદરહુ જમીન સોમાભાઇ બેચરભાઇ પટેલની માલીકીની ચાલી આવેલ. પરંતુ સદરહુ જમીનને ટુકડો લાગુ પડતો હોવાથી ટુકડા કમી અંગેની અરજી, કાર્યપાલક ઇજનેરના ટુકડો કમી ના પત્રથી તેમજ તલાટી ક્મ મંત્રી કોસાડના તા.૧૭/૩/૨૦૦૬ ના પંચકયાસ, ખાતેદારના જવાબ, સફીલદારોના જવાબના આધારે ટુકડા કમીની નોંધ કરેલ. જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ મા નોંધ નં. ૯૮૦૯, તા.૨૪/૩/૨૦૦૬ ના રોજ પાડવામા આવેલ. અને સદરહુ નોંધ તા.૧૯/૫/૦૬ ના રોજ સર્કલ ઓફીસર(નવાગામે) પ્રમાણીત કરેલ.

ત્યારબાદ સુરત મહાનગરપાલીકાની હદનું વિસ્તરણ થવાથી ચોર્યાસી તાલુકાના કોસાડ ગામનો સુરત સીટી તાલુકામાં સમાવેશ કરવાં પ્રાદેશિક ફેરફાર કરવાની સુચના મળતાં મહેરબાન કલેકટર સાહેબ સુરતના પત્ર નં. (જે)બખ/તપસ/વશી/ ૪૮૯૭/૦૬ તા.૧૯/૧૦/૨૦૦૬ ના રોજ મોજે ગામ કોસાડ નો સુરત સીટીમાં સમાવેશ થતા ચોર્યાસી તાલુકા માથી મોજે ગામ કોસાડ કમી કરવામા આવેલ જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૯૯૪૫, તા.૨૨/૧૨/૨૦૦૬ ના રોજ પાડવામાં આવેલ. જે તા.૨૨/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ પ્રાદેશિક ફેરફાર તરીકે દાખલ કરવા નોંધ : પ્રાદેશિક ફેરફાર મુજબ કોસાડ ગામની દાખલની નોંધ મહેરબાન કલેકટરં સાહેબ સુરતના પત્ર નં. (જે)બખ/તપસ/વશી/૪૮૯૭/ ૦૬, તા.૧૯/૧૦/૨૦૦૬ ના રોજ મોજે ગામ કોસાડ ગામના સુરત સીટી તાલુકામા સમાવેશ કરવામા આવેલો જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૯૯૪૬, તા.૨૨/૧૨/૨૦૦૬ ના રોજ પાડવામાં આવેલ. જે તા.૨૬/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મહેરબાન કલેકટર સાહેબશ્રીના હુકમ નં. ગણત/રજી.નં. ૩૭૫/૧૧/વશી. ૭૭૦૭/૧૨, તા.૨૪/૯/૨૦૧૨ થી સદરહુ જમીન નવીશરતની જમીનમાં બીનખેતીના રહેઠાણના હેતુ માટે જુની શરતમાં હેતુફેર કરવા મંજુરી આપવામાં આવેલ છે. જે ગામ દફતરે ગામ નોંધ નં.૧૦૯૯૫, તા.૧૭/૧૦/૨૦૧૨ ના રોજ પાડવામા આવેલ.

ત્યારબાદ મે.સુરતના કલેકટર સાહેબના હુકમ ક્રમાંકઃ એ/બખપ/ એસ.આર.નંબર : ૧૬૯/ ૧૨-૧૩/વશી. ૨૪૩૦/૧૩, તા.૧૮/૬/૨૦૧૩ ના રોજ થી બીનખેતીની પરવાનગીનો હુકમ

કરવામાં આવેલ. જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નંબર : ૧૧૩૩૨, તા.૭/૯/૨૦૧૩ ના રોજ પાડવામાં આવેલ.

આમ, સદરહુ બીનખેતીની જમીન સોમાભાઇ બેચરભાઇ પટેલની માલીકીની ચાલી આવેલ. અને સદરહુ જમીન સિધ્ધી વિનાયક ટેકનો પાર્ક એક ભાગીદારી પેઢીના ભાગીદારોએ સોમાભાઇ બેચરભાઇ પટેલ પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતના(કતારગામ) સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમા અનુક્રમ નં. ૫૯૮૩, તા.૨૦/૩/૨૦૧૪ ના રોજ નોંધાયેલ. જે વેચાણ ની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નંબર : ૧૧૪૮૬, તા.૪/૪/૨૦૧૪ ના રોજ પાડવામાં આવેલ. અને સદરહુ નોંધ તારીખ : ૨૦/૬/૨૦૧૪ ના રોજ સર્કલ ઓફીસર અડાજણે પ્રમાણીત કરેલ. અને ત્યારથી સદરહુ બ્લોક નં.૮૧૨ વાળી જમીનના સિધ્ધી વિનાયક ટેકનો પાર્ક એક ભાગીદારી પેઢી સ્વતંત્ર માલીક, મુખત્યાર અને કબજેદાર થયેલા.

ત્યારબાદ સદરહુ બીનખેતીની જમીન સિધ્ધી વિનાયક ટેકનો પાર્ક એક ભાગીદારી પેઢી પાસેથી સન્ડે રેસીડન્સી એક ભાગીદારી પેઢી તરફે તેના ભાગીદાર રાકેશભાઇ નાગજીભાઇ ધોળકીયાએ વેચાણ રાખેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતના(કતારગામ) સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમા અનુક્રમ નં. ૨૧૭૨૮ થી તા.૯/૧૦/૨૦૧૪ ના રોજ રજુ થઇ તા.૧૪/૧૦/૨૦૧૪ ના રોજ નોંધાયેલ છે. જે વેચાણની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નંબર : ૧૧૬૨૪ થી તા.૧૮/૧૦/૨૦૧૪ ના રોજ પાડવામાં આવેલ. અને સદરહુ નોંધ તારીખ : ૧૫/૧૨/૨૦૧૪ ના રોજ સર્કલ ઓફીસર અડાજણે પ્રમાણીત કરેલ. ત્યારથી સન્ડે રેસીડન્સી એક ભાગીદારી પેઢી તરફે તેના ભાગીદાર રાકેશભાઇ નાગજીભાઇ ધોળકીયા સદરહુ જમીનના માલીક મુખત્યાર અને કબજેદાર થયેલા.

સદરહુ મોજે કોસાડ તા.સુરત સીટી, જી.સુરતના સર્વે નં. ૪૬૮-૨ પૈકી, બ્લોક નં. ૮૧૨ ક્ષેત્રફળ હે.આરે ૦-૬૪-૫૯ ચો.મી. ટી.પી સ્કીમ નં. ૬૬(કોસાડ-વરીયાવ) ફા.પ્લોટ નં. ૨૬૯ કે જેનુ ક્ષેત્રફળ ૪૫૨૧ ચો.મી. પૈકી ૯૯૬ ચો.મી. જમીન વાણીજય હેતુ ઉપયોગ કરવાનો હોય હેતુ ફેરની મંજુરી માટે સન્ડે રેસીડન્સી એક ભાગીદારી પેઢી તરફે તેના ભાગીદાર રાકેશભાઇ નાગજીભાઇ ધોળકીયાનાએ અરજી કરતા મહે. કલેકટરશ્રી સુરતના હુકમ નં. ગણત/૩/વાણીજય હુકમ/વશી.૭૩/૧૫ સેતુઓનલાઇન ફાઇલ નં. ૧૩૯૩૮, તા.૨૩/૧/૨૦૧૫ ના હુકમથી અરજી મંજુર કરી સુધારા હુકમ કરવામાં આવેલ અને તે અંગે પરવાનગી આપવામાં આવેલી. જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૧૧૮૨૦, તા.૧૩/૭/૨૦૧૫ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૩૧/૮/૨૦૧૫ ના રોજ સર્કલ ઓફીસર અડાજણે પ્રમાણીત કરેલ.

ત્યારબાદ મે.કલેકટરશ્રી સુરતના બીનખેતી હુકમ ક્રમાંક (જે)બખ/તપસ/ક-૬૭/રજી નં. ૧૪/૨૦૧૫-૧૬ તા.૧૯/૦૮/૨૦૧૫ થી સદરહુ બ્લોક નં.૮૧૨ વાળી જમીનમા રહેણાંક/ વાણીજયના હેતુ માટે હમો બીજાપક્ષનાને બીનખેતીની પરવાનગી આપેલી જેની નોંધ નં. ૧૧૮૭૦ તા.૨૪/૦૯/૨૦૧૫ ના રોજ પડેલી જે નોંધ પ્રમાણીત થયેલી.

**તેજ રીતે,** ડીસ્ટ્રીકટ સુરત સબ-ડીસ્ટ્રીકટ તાલુકો સુરત સીટી(અડાજણ) ના મોજે કોસાડ ના **રે.સર્વે નં. ૪૬૮-૧ પૈકી, બ્લોક નં. ૭૫૫/પૈકી ૧** વાળી જમીનના મુળ માલીક જમશેદજી માણેકજી આટીયા હતા. અને સદરહુ જમી માં સરક્ષીત ગણોતીયા નરોતમ ભીખાનુ

નામ બીજા હક્કમાં દાખલ કરેલ. જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૧૩૩૮ પાડવામા આવેલ. અને સદરહુ નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ જમીનના માલીક જમશેદજી માણેકજી આટીયા તા.૨૫/૫/૧૯૪૯ ના રોજ ગુજરી જવાથી તેમના સાધીલાટાના વારસદાર તરીકે કેકોબાદ જમશેદજી આટીયા તથા ફરામરોઝ જમશેદજી આટીયા ના નામો દાખલ થયેલા. જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૧૩૯૮, તા.૪/૯/૧૯૪૯ ના રોજ પાડવામા આવેલ. અને સદરહુ નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ નામદાર સરકારના ઠરાવ નં. ૫૮૬૯-૪૫/૭ તા.૧૭/૫/૧૯૫૦ થી તા.૧૮/૫/૧૯૫૦ ના અસાધારણ આપણા તાલુકાનો સ્ટાન્ડર્ડ એરીયા જરાયત ૨ એકર ૦ ગુઠા, કયારી ૦ એકર ૨૦ ગુઠા અને બાગાયત ૦ એકર ૨૦ ગુઠા ઠેરવવામાં આવેલી અને તેનાથી ઓછી જમીનના નંબરોને કાયદા મુજબ ટુકડો ગણવામાં આવશે. જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નંબર : ૧૪૪૮, તા.૫/૧૦/૧૯૫૦ ના રોજ પાડવામાં આવેલી. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સર્વે નં. ૪૬૮/૧ બીજા હક્કમાં સરંક્ષીત ગણોતીયા નરોતમભાઇ ભીખાભાઇ કોસાડ ગામે આશરે ૧૪ વર્ષ થયા અપુત્રવાન ગુજરી જવાથી તેમના ભત્રીજાઓ (૧) છગનભાઇ મોરારભાઇ (૨) ગોવનભાઇ મોરારભાઇ ના વારસાઇ હક્કે નામો દાખલ થયેલા. જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નંબર : ૨૫૫૭, તા.૨૬/૪/૧૯૭૦ ના રોજ પાડવામાં આવેલી. જે નોંધ તા.૨૮/૬/૧૯૭૦ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ ટેનન્સી મામલતદાર સાહેબ કૃષિપંચ વ્યારા અને સુરતનાએ ૩૨-ગ હેઠળના પ્રોસીડીંગ ચલાવતા જે હુકમોનો નિકાલ કરવાનો આદેશ કરેલો અને તે હુકમમાં સર્વે નં. ૪૬૭/૧ વાળી જમીનમાં છગન મોરાર અને ગોવન મોરારનુ નામ ગણોતીયા તરીકે દાખલ થયેલુ અને મહે. ટેનન્સી મામલતદાર સાહેબ કૃષિપંચ વ્યારા અને સુરતનાએ ગણોતીયાને રૂા.૩૫૦૦/- ખરીદ કિંમત નક્કી કરેલી. જેથી ખરીદ કિંમત નક્કી કરવા માટે ફરીથી કેશ ચલાવી શકાય નહી એ રીતના હુકમની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ મા નોંધ નં. ૨૭૦૭, તા. ૨૨/૭/૧૯૭૧ ના રોજ પાડવામા આવેલ અને સદરહુ નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ જમીનના માલીકો તથા ગણોતીયાઓ વચ્ચે ૩૨-ગ મુજબ જમીનની કિંમત નક્કી કરવા કેસો ચાલતા વધારાના મામલતદાર, સુરત અને ટેનન્સી મામલતદાર, કૃષિપંચ વ્યારા નાઓએ હુકમ કરી જમીનની ખરીદ કિંમત નક્કી કરેલ છે અને દેવસ્થાનના મામલતદાર સાહેબ તરફથી પણ જે દેવસ્થાન વાળી જમીનને નવી શરતે જમીનની કિંમત નક્કી થઇ તેવા આદેશો અને હુકમોની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ મા નોંધ નં. ૨૭૦૮, તા.૨૨/૭/૧૯૭૧ ના રોજ પાડવામા આવેલ. અને સદરહુ નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મોજે ગામ કોસાડ, તા.ચોર્યાસી, જી.સુરતના ગામની ખેતીલાયક જમીનોની એકત્રીકરણ યોજના મહેરબાન સેટલમેન્ટ કમીશ્નરશ્રી ના હુકમ ક્રમાંક : કોન/સુરત/૮૩૩ તા.૨૬/૨/૧૯૮૧ થી મંજુર કરી છે. જે મહે. જીલ્લા ઇન્સપેકટર સાહેબ જમીન રેકર્ડ સુરત તરફથી કે.જે.પી./એલ.આર. ૧૧/૮૧-૮૨ થી એકત્રીકરણ યોજનાનો અમલ કરી સદરહુ રે.સર્વે નં. ૪૬૮-૧ પૈકી વાળી જમીનનો બ્લોક નં. ૭૫૫/ પૈકી ૧ આપવામાં આવેલો. જે અંગે ગામ દફતરે ગામ

નમુના નં. ૬ મા નોંધ નં. ૪૫૭૩, તા.૧૦/૧૦/૧૯૮૩ ના રોજ પાડવામા આવેલ. અને સદરહુ નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ એવોર્ડ મુજબ ફેરફાર કરવા બાબત બ્લોક નં. ૭૫૫ વાળી જમીન આવાસ યોજના માટે ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્રારા જમીન સંપાદન કરવામાં આવેલ. જે સુધારાના કામ ૧૧ નો એવોર્ડ તા.૨/૧/૧૯૮૯ ના રોજ ખા.જ અધિકારીશ્રી (ગુજરાત હાઉસિંગ બોર્ડ) અમદાવાદ તરફથી જાહેર કરવામાં આવતા ખા.જ અધિકારી (ગુજરાત હાઉસિંગ બોર્ડ) અમદાવાદ તા.૧૭/૭/૧૯૯૦ ના રોજના એલ.એ.કયુ./કોસાડના મામલતદાર ચોર્યાસીના શેરાથી આર.ટી.એસ નં. ૨૬૦૫ તા.૧૮/૭/૧૯૯૦ ના હુકમથી કુલ ૭૩૮૬ ચો.મી. જમીન માંથી ૮૦૯ ચો.મી. જમીન જમીન માલીકના નામેથી કાર્યપાલક ઇજનેરના નામે ટ્રાન્સફર કરી. જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ મા નોંધ નં. ૫૦૭૬, તા.૨૦/૭/૧૯૯૦ ના રોજ પાડવામા આવેલ. અને સદરહુ નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ જીલ્લા ઇન્સપેકટર જમીન રેકર્ડ સુરતના હુકમ નં. ૧૬ થી દુરસ્તી કરવા હુકમ હે.આરે. ૦-૦૮-૦૯ ચો.મી. સંપાદન કરેલી. જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૬૦૩૮, તા.૧૮/૧૨/૧૯૯૦ ના રોજ પાડવામાં આવેલ. અને સદરહુ નોંધ તા.૧૪/૮/૧૯૯૧ ના રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીનના માલીક છગનભાઇ મોરારભાઇ તથા ગોવનભાઇ મોરારભાઇ પટેલ નાએ પોતાના પુત્રોના નામ સામાયીકપણામાં દાખલ કરવા અરજી કરેલ. જે મુજબ બ્લોક નં. ૭૫૫ તથા બ્લોક નં. ૫૯૧ માં (૧) સન્મુખભાઇ છગનભાઇ (૨) કનુભાઇ છગનભાઇ (૩) મહેશભાઇ છગનભાઇ (૪) નટવરભાઇ છગનભાઇ ના નામો સામાયીકપણાના કરાર મુજબ નામ દાખલ કરવા અરજી કરેલી. જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૬૦૬૫, તા.૧૭/૬/૧૯૯૧ ના રોજ પાડવામાં આવેલ. અને સદરહુ નોંધ તા.૧/૧/ ૧૯૯૨ ના રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ છગનભાઇ મોરારભાઇ તા.૯/૧/૨૦૦૪ ના રોજ મરણ પામેલ હોય તેમના સીધીલીટીના વારસદાર પેઢીનામામાં જણાવ્યા મુજબ (૧) સવિતાબેન તે છગનભાઇ મોરારભાઇ ની વિધવા (૨) સન્મુખભાઇ છગનભાઇ(પુત્ર) (૩) કુસુમબેન છગનભાઇ(પુત્રી) (૪) કનુભાઇ છગનભાઇ(પુત્ર) (૫) મહેશભાઇ છગનભાઇ(પુત્ર) (૬) શોભનાબેન છગનભાઇ(પુત્રી) (૭) નટવરભાઇ છગનભાઇ(પુત્ર) (૮) દમયંતિબેન છગનભાઇ(પુત્રી) ના નામો બ્લોક નં. ૭૫૫ માં દાખલ થયેલા. જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૯૫૯૮, તા.૩૧/૧૨/૨૦૦૪ ના રોજ પાડવામાં આવેલ. અને સદરહુ નોંધ તા.૫/૨/૨૦૦૫ ના રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ બ્લોક નં. ૭૫૫/ પૈકી ૧ વાળી ટુકડો જમીન હોય અને સદરહુ જમીનનો ટુકડો કમી કરવા મામલતદારશ્રીને અરજી કરેલી જેના આધારે ટુકડો કમી કરવા નોંધ કરેલ. જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૯૬૦૪, તા.૧૩/૧/૨૦૦૫ ના રોજ પાડવામાં આવેલ. અને સદરહુ નોંધ તા.૨૩/૩/૨૦૦૫ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સુરત મહાનગરપાલીકાની હદનું વિસ્તરણ થવાથી ચોર્યાસી તાલુકાના કોસાડ ગામનો સુરત સીટી તાલુકામાં સમાવેશ કરવાં પ્રાદેશિક ફેરફાર કરવાની સુચના મળતાં મહેરબાન કલેકટર સાહેબ સુરતના પત્ર નં. (જે)બખ/તપસ/વશી/૪૮૯૭/૦૬ તા.૧૯/૧૦/૨૦૦૬ ના રોજ મોજે ગામ કોસાડ નો સુરત સીટીમાં સમાવેશ થતા ચોર્યાસી તાલુકા માથી મોજે ગામ કોસાડ કમી

કરવામા આવેલ જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૯૯૪૫, તા.૨૨/૧૨/૨૦૦૬ ના રોજ પાડવામાં આવેલ. જે તા.૨૨/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ પ્રાદેશિક ફેરફાર તરીકે દાખલ કરવા નોંધ : પ્રાદેશિક ફેરફાર મુજબ કોસાડ ગામની દાખલની નોંધ મહેરબાન કલેકટર સાહેબ સુરતના પત્ર નં. (જે)બખ/તપસ/વશી/૪૮૯૭/૦૬, તા.૧૯/૧૦/૨૦૦૬ ના રોજ મોજે ગામ કોસાડ ગામના સુરત સીટી તાલુકામા સમાવેશ કરવામા આવેલો જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૯૯૪૬, તા.૨૨/૧૨/૨૦૦૬ ના રોજ પાડવામાં આવેલ. જે તા.૨૬/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ બ્લોક નં. ૭૫૫/ પૈકી ૧ ના મુળ માલીક જમશેદજી માણેકજી આટીયા વિગેરેની ચાલી આવેલ. સદરહુ જમીનમા છગનભાઇ મોરારભાઇ તથા ગોવનભાઇ મોરારભાઇ ગણોતીયા છે અને તેઓને કલમ ૩૨-ગ ની જોગવાઇઓ મુજબ ગણોતીયા છગનભાઇ મોરારભાઇ વીગેરે ઉકત જમીનની કિંમત તરીકે રૂા.૩૫૦૦/- અંકે રૂપીયા ત્રણ હજાર પાંચસો પુરા અનામત મુકયા છે આથી વધારાના મામલતદાર અને કૃષિપંચ(ગણોત) તા.ચોર્યાસી સુરતના તા.૨/૫/૨૦૧૨ ના રોજ હુકમ નં. ગણોત/૩૨(એમ)/કોસાડ/વશી ૧૯૫/૧૨ થી મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનીયમ-૧૯૪૮ ની કલમ ૩૨'એમ' નુ પ્રમાણપત્ર આપેલ છે જે કામે વધારાના મામલતદાર અને કૃષિપંચ (ગણોત) તા.ચોર્યાસી સુરતના તા.૨/૫/૨૦૧૨ ના નમુનો-૯ ના પ્રમાણપત્ર આધારે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૧૦૮૮૫, તા.૩/૫/૨૦૧૨ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૪/૮/૨૦૧૨ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ જમીન (૧) સવિતાબેન તે છગનભાઇ મોરારભાઇની વિધવા વિગેરેના નામે બ્લોક નં. ૭૫૫/પૈકી ૧ વાળી જમીન ચાલે છે. જે પૈકી ગોવનભાઇ મોરારભાઇનુ તા.૨૫/૯/૨૦૧૨ ના રોજ અવસાન થતા તેમના સીધીલીટીના વારસદાર અને પેઢીનામા મુજબ (૧) શારદાબેન ગોવનભાઇ(મરણ તા.૧૪/૧/૨૦૦૮) (૨) નયનાબેન ગોવનભાઇ તે સુરેશભાઇ ચીમનભાઇ પટેલની ધણીયાણી (૩) જયોત્સનાબેન ગોવનભાઇ તે કીર્તીભાઇ ભગવાનભાઇની ધણીયાણી (૪) ઉષાબેન ગોવનભાઇ તે બીપીનભાઇ પટેલની વિધવા (૫) નીતીનભાઇ ગોવનભાઇના નામો વારસાઇ થી દાખલ કરેલ જેની નોંધ નં.૧૧૪૬૪, તા.૧૭/૨/૨૦૧૪ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૧૭/૫/૨૦૧૪ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મહે. કલેકટરશ્રી સુરતના હુકમ નં. ગણત-૪/રજી નં. ૩૭૪/૧૧/વશી. ૧૫૭/૧૪, તા.૧૨/૫/૨૦૧૪ ના આદેશથી મોજે કોસાડ તા.સુરત સીટી, જી.સુરતના સર્વે નં. ૪૬૮/૧ પૈકી, બ્લોક નં. ૭૫૫/ પૈકી ૧ ક્ષેત્રફળ હે.આરે ૦-૬૫-૭૭ ચો.મી. ટી.પી સ્કીમ નં. ૬૬(કોસાડ-વરીયાવ) ફા.પ્લોટ નં. ૨૧૪ કે જેનુ ક્ષેત્રફળ ૪૬૦૪ ચો.મી. વાળી નવી શરતની અને અવિભાજય સતા પ્રકારની જમીનમાં બીનખેતીના રહેણાંક હેતુ માટે જુની શરતમાં હેતુફેર કરવા અરજદાર કનુભાઇ છગનભાઇ વિગેરે નાઓએ ગણોતધારાની કલમ ૪૩ તથા નિયમ ૨૫ હેઠળ પ્રિમીયમની રકમ ચલણ નં. ૧૦૭/૧૪ તા.૧૫/૩/૧૪ થી રકમ રૂા.૧,૧૫,૧૦,૦૦૦/- થી ભરપાઇ કરેલ છે. અને ઉપરોક્ત હુકમના આધારે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૧૧૫૦૭,

તા.૨૩/૫/૨૦૧૪ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૨૧/૭/૨૦૧૪ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

મોજે કોસાડ તા.સુરત સીટી, જી.સુરતના સર્વે નં. ૪૬૮/૧ પૈકી, બ્લોક નં. ૭૫૫/ પૈકી ૧

ક્ષેત્રફળ હે.આરે ૦-૬૫-૭૭ ચો.મી. ટી.પી સ્કીમ નં. ૬૬(કોસાડ-વરીયાવ) ફા.પ્લોટ નં. ૨૧૪ કે જેનુ ક્ષેત્રફળ ૪૬૦૪ ચો.મી. પૈકી ૧૭૬ ચો.મી. જમીન વાણીજય હેતુ ઉપયોગ કરવાનો હોય હેતુ ફેરની મંજુરી માટે કનુભાઇ છગનભાઇએ અરજી કરતા મહે. કલેકટરશ્રી સુરતના હુકમ નં. ગણત-૩/રજી નં. ૯૦-૧૨૪/૧૫/સેતુઓનલાઇન ફાઇલ નં. ૧૪૬૭૬, તા.૨૪/૨/૨૦૧૫ ના હુકમથી અરજી મંજુર કરી સુધારા હુકમ કરવામાં આવેલ અને તે અંગે પરવાનગી આપવામાં આવેલી. જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૧૧૭૭૦, તા.૧૬/૫/૨૦૧૫ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૯/૭/૨૦૧૫ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ જમીન બીનખેતીના હેતુ માટે હેતુફેર કરવા માટેની અરજી કરવામાં આવેલ. અને મે.સુરતના કલેકટર સાહેબ દ્વારા તેમના હુકમ ક્રમાંકઃ એ/જમન/તત્કાલ/એસ.આર. નંબર : ૨૭/૧૫/આઇ.ડી. નં. ૧૬૯૪૦/વશી/૨૪૫૧ થી ૨૪૬૩/૧૫, તા.૧૬/૫/૨૦૧૫ ના રોજથી બીનખેતીની પરવાનગીનો હુકમ કરવામાં આવેલ. જે અંગે ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૧૧૭૮૩, તા.૨૯/૫/૨૦૧૫ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૨૭/૭/૨૦૧૫ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

આમ, સદરહુ બ્લોક નં. ૭૫૫/ પૈકી ૧ વાળી જમીનમાં માલીકો (૧) સંવિતાબેન તે છગનભાઇ મોરારભાઇની વિધવા (૨) મહેશભાઇ છગનભાઇ (૩) સન્મુખભાઇ છગનભાઇ (૪) કનુભાઇ છગનભાઇ (૫) નટવરભાઇ છગનભાઇ (૬) કુસુમબેન છગનભાઇ (૭) શોભનાબેન છગનભાઇ (૮) દમયંતિબેન છગનભાઇ (૯) નયનાબેન ગોવનભાઇ તે સુરેશભાઇ ચીમનભાઇ પટેલની ધણીયાણી (૧૦) જયોત્સનાબેન ગોવનભાઇ તે કીર્તીભાઇ ભગવાનભાઇની ધણીયાણી (૧૧) ઉષાબેન ગોવનભાઇ તે બીપીનભાઇ પટેલની વિધવા (૧૨) નીતીનભાઇ ગોવનભાઇ નાઓ પાસેથી સન્ડે રેસીડન્સી એક ભાગીદારી પેઢીના ભાગીદાર રાકેશભાઇ નાગજીભાઇ ધોળકીયાનાએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતના(કતારગામ) સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમા અનુક્રમ નં. ૧૯૩૬૩, તા.૨/૯/૨૦૧૫ ના રોજ નોંધાયેલ. જે વેચાણની નોંધ ગામ દફતરે ગામ નમુના નં. ૬ માં નોંધ નંબર : ૧૧૮૬૪, તા.૯/૯/૨૦૧૫ ના રોજ પાડવામાં આવેલ. અને સદરહુ નોંધ તારીખ : ૩૦/૧૦/૨૦૧૫ ના રોજ સર્કલ ઓફીસર અડાજણે પ્રમાણીત કરેલ. આમ, સદરહુ રે.સર્વે નં. ૪૬૮-૧ પૈકી, બ્લોક નં. ૭૫૫/ પૈકી ૧ થી નોંધાયેલી બીનખેતીની જમીન જેનુ ક્ષેત્રફળ હે.આરે. ૦-૬૫-૭૭ ચો.મી. છે. જેનો આકાર જુડી રૂા.૯.૩૫ પૈસા છે. જેનો ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૬૬ (કોસાડ-વરીયાવ) માં સમાવેશ થયેલ છે. અને જેનો ફાયનલ પ્લોટ નં. ૨૧૪ ફાળવવામાં આવેલ છે. અને ફાયનલ પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ ૪૬૦૪ ચો.મી. ચો.મી. વાળી જમીનના માલીક, મુખત્યાર અને કબજેદાર રેસીડન્સી એક ભાગીદારી પેઢીના ભાગીદાર રાકેશભાઇ નાગજીભાઇ ધોળકીયા થયેલા.

આમ, સદરહુ બ્લોક નં. ૮૧૨ જેનુ ક્ષેત્રફળ હે.આરે. ૦-૬૪-૫૯ ચો.મી. તથા બ્લોક નં. ૭૫૫/ પૈકી ૧ જેનુ ક્ષેત્રફળ હે.આરે. ૦-૬૫-૭૭ ચો.મી. વાળી કુલ્લે ૧૩૦૩૬ ચો.મી. ક્ષેત્રફળ વાળી જમીનના સન્ડે રેસીડન્સી એક ભાગીદારી પેઢી તરફે તેના ભાગીદાર રાકેશભાઇ નાગજીભાઇ ધોળકીયા સ્વતંત્ર માલીક, મુખત્યાર અને કબજેદાર થયેલ છીએ.

આમ સદરહુ બ્લોક નં. ૮૧૨ (ફાઈનલ પ્લોટ નં.૨૬૯) તથા બ્લોક નં. ૭૫૫/ પૈકી ૧ (ફાઈનલ પ્લોટ નં.૨૧૪) વાળી જમીનોમાં સન્ડે રેસીડન્સી એક ભાગીદારી પેઢી તરફે તેના ભાગીદાર રાકેશભાઇ નાગજીભાઇ ધોળકીયાનાએ સુરત મહાનગર પાલીકામા સદહુ બન્ને બ્લોક નંબરનો સયુકત/આખી(એમોગ્લેશન) જમીનનો પ્લાન મંજુર માટે અરજી કરતા સુરત મહાનગર પાલીકાએ રજા ચીઠ્ઠી નં. ટી.ડી.ઓ/ડી.પી/નં.૨૭૯ તા.૧૫/૧૦/૨૦૧૫ ના રોજ પ્લાન મંજુર કરવામા આવેલ.

આમ, સદરહુ બ્લોક નં. ૮૧૨ (ફાઈનલ પ્લોટ નં.૨૬૯) તથા બ્લોક નં. ૭૫૫/ પૈકી ૧ (ફાઈનલ પ્લોટ નં.૨૧૪) વાળી જમીનમા "સન્ડે રેસીડન્સી" એક ભાગીદારી પેઢીએ સુરત મહાનગરપાલીકામાં સબડીવીઝનના પ્લાનં રજુ કરતા કુલ્લે જમીનમાં સબ પ્લોટ નં. ૧ કે જેનુ ક્ષેત્રફળ ૨૫૦૬ ચો.મી. તથા સબ પ્લોટ નં. ૨ કે જેનુ ક્ષેત્રફળ ૬૬૧૯ ચો.મી જેનુ કુલ ક્ષેત્રફળ ૯૧૨૫ ચો.મી. જમીનના પ્લાન ટી.ડી.ઓ/ ડી.પી. નં. ૨૮૦, તા.૧૫/૧૦/૨૦૧૫ થી સબડીવીઝન અંગેનો પ્લાન મંજુર કરેલ.

ત્યારબાદ સબ પ્લોટ નં. ૨ માં રજાચીઠ્ઠી નં. ટી.ડી.ઓ./ડી.પી. નં. ૨૮૩, તા.૧૬/૧૦/૧૫ થી રહેણાંક અને વાણીજય માટેના પ્લાનો મંજુર કરી બાંધકામની પરવાનગી આપેલ છે. તે પૈકી બીલ્ડીગ નં. (એન) અને (ઓ) વાળી મીલકત.

(૨)..... આમ, સન્ડે રેસીડન્સી એક ભાગીદારી પેઢી સદરહુ બ્લોક નં. ૭૫૫/ પૈકી ૧ તથા ૮૧૨ વાળી બીનખેતીની જમીન પૈકી સબ પ્લોટ નં. ૨ માં આવેલ બીલ્ડીગો પૈકી બીલ્ડીગ નં. (એન) અને (ઓ) ના માલીક-મુખત્યાર તથા કબજા-ભોગવટેદાર ચાલી આવેલ છે. સદરહુ મીલકત ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો બોજો હોવાનું માલુમ પડેલ નથી તેમજ સદરહુ મીલકતમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ હક્ક હીત હીસ્સો નથી.

(૩)..... આમ ઉપરોક્ત વિગતે મારી સમક્ષ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા તેમજ સબ-રજીસ્ટ્રાર સુરત-૪ (કતારગામ) કચેરીમાં સર્ચ લેતા સદરહુ મીલકતના "સન્ડે રેસીડન્સી" એક ભાગીદારી પેઢી સબ પ્લોટ નં. ૨ માં આવેલ બીલ્ડીગો પૈકી બીલ્ડીગ નં. (એન) અને (ઓ) સ્વતંત્ર અને સંપુર્ણ માલીક, મુખત્યાર હોવાનું જણાય છે અને તેની ઉપર કોઇપણ વ્યકિત કે સંસ્થાનો બોજો હોવાનુ માલુમ પડેલ નથી કે "સન્ડે રેસીડન્સી" એક ભાગીદારી પેઢી સિવાય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ કે હક્ક, હીસ્સો કે દરદાવો જણાઇ આવેલ નથી. અને સદરહુ મીલકતના ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ ટાઇટલ વાળી છે તેવો મારો અભિપ્રાય છે.

સ્થળ : સુરત.

તારીખ : ૦૭/૦૧/૨૦૨૦

૭/૧/૨૦૨૦

NOTARY VINOD B. VAGHELA SURAT CITY Reg. No. 6399 GOVT. OF INDIA

વિનોદ બી. વાઘેલા

એડવોકેટ

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : બ્લોક નં 755 પૈકી 1,812 એફપી 214 અને 269 બીલ્ડીંગ નં એન,ઓ

Search in : કોસાડ /KOSAD

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૦૦૨૧૦૦૦૯૩૩ | અરજી નંબર | ૫૨૧ | અરજી વર્ષ | ૨૦૨૦ |
| તારીખ | ૬ | માહે | જાન્યુઆરી | સને | ૨૦૨૦ |

રજુ કરનારનું નામ વિનોદ બી વાઘેલા

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........................................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.................................... | |
| શેરોની નકલ કરવા માટે ફી................................................ | |
| ટપાલ ખર્ચ.................................................................. | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........................... | |
| શોધ અગર તપાસણી............Year: 2005 2020 | ૨૭૦.૦૦ |
| દંડ કલમ-૨૫................................................................ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )...................................................... | |
| નકલ ફી ફોલીયો............................................................ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ................................................................ | |

| કુલ એકંદરે રૂ. | ૨૭૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા બે સો સીંત્તેર પુરા

દસ્તાવેજ

----------- ના દિવસે તૈયાર થશે અને

નકલ

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

----------------- આવશે.

કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

THE SEAL OF THE SUB-REGISTRAR * SURAT-4, (KATARGAM)

K.D.Rathod
સબ રજીસ્ટ્રાર
સુરત - 4 Katargam

IGR-NIC(G) -6822230418355516780 (W) ૦૬/૦૧/૨૦૨૦ 12:31:51

2005

2020

સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ અને ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in વિનોદ બી વાઘેલા    અરજી નંબર : 521    ગામ નું નામ : KOSAD

મિલ્કતનું વર્ણન બ્લોક નં 755 પૈકી 1,812 એફપી 214 અને 269 બીલ્ડીંગ નં એન,ઓ

દસ્તાવેજની આ શોધ Sub-Registrar Office(SRO) SURAT-4 Katargam મા -15 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પુરતોજ મર્યાદીત આ શોધમા તા________________ સસુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્શાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| --------------------- NO DATA AVAILABLE --------------------------- | | | | | | | | |
| રૂ. | | | | | | | | |

સબ-રજીસ્ટ્રાર

Sub-Registrar Office(SRO) SURAT-4
Katargam

THE SEAL OF THE SUB-REGISTRAR SURAT-4, (KATARGAM)
સબ રજીસ્ટ્રાર સુરત-૪ (કતારગામ) (ગુજ)

પ્રિન્ટ તારીખ : 06/01/2020